# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 08/09/2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY: TUESDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

2) પ્રધાનમંત્રીએ કહ્યું, વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરનાર ભારત હવે પોતાની અદ્યતન રેલગાડી અને મેટ્રો કોચનું નિર્માણ કરી રહ્યું છે.

3) નવસારીમાં જાહેરસભાને સંબોધતા પ્રધાનમંત્રીએ નાગરિકો અને જન પ્રતિનિધિઓને સમાજસેવા તથા સ્વચ્છતાને દૈનિક ટેવ બનાવવા આહ્વાન કર્યું.

4) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આગામી 22 સપ્ટેમ્બરે ગુજરાતના એકતાનગરમાં 72-મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે.

5) વિદેશ મંત્રાલયે જણાવ્યું, યુક્રેન અને રશિયા વચ્ચે સંઘર્ષ રોકવામાં ભારત જરૂરી સૂચના અને વિચાર પર કામ કરી રહ્યું છે.

6) ગુજરાતના અમદાવાદમાં આયોજિત 2026 વિશ્વ પેરા તીરંદાજી શ્રૃંખલાના ત્રીજા તબક્કામાં ભારતે તીરંદાજીમાં બે સુવર્ણ ચંદ્રક જીત્યા.

*********************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GUJARAT - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના વડોદરામાં 35 હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. પ્રધાનમંત્રીએ પશ્ચિમી ક્ષેત્રના સમર્પિત ફ્રેઇટ કોરિડોરના ત્રણ મુખ્ય વિભાગ રાષ્ટ્રને સમર્પિત કર્યા. આ પ્રસંગે શ્રી મોદીએ ભારતના પરિવહન અને લૉજિસ્ટિક ક્ષેત્રે થતા પરિવર્તનનો ઉલ્લેખ કર્યો.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) VIKSIT BHARAT**

*(इस वर्ष लाल किले से मैंने विकसित भारत के लिए संकल्प की सप्तधारा का आह्वान किया है। इस सप्तधारा में एक धारा गति शक्ति की भी है। आज 2800 किलोमीटर से अधिक का डेडिकेटेड फ्रेट कॉरिडोर प्रोजेक्ट पूरा हो गया। यह 21वीं सदी के भारत के लिए बहुत ऐतिहासिक कार्य संपन्न हुआ है।)*

શ્રી મોદીએ કહ્યું, ભારતના યુવાનો સૌર, પરમાણુ અને પવન ઉર્જા ક્ષેત્રમાં સરકારના પ્રયાસને જોઈ રહ્યા છે. ટેક્નોલૉજીના ભાવિ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા – AI સહિત આગામી ઉદ્યોગ સંપૂર્ણ રીતે ઉર્જાથી સંચાલિત થશે. તેની પર સરકાર મજબૂત અને બહુક્ષેત્રિય ઉર્જા તંત્ર સ્થાપિત કરવા પર ધ્યાન આપી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભર્યું છે અને હવે ભારત પોતાની અદ્યતન રેલગાડી અને મેટ્રો કૉચનું નિર્માણ કરી રહ્યું છે.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) CHIP SHIP**

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ન્યૂ સાણંદ, ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ JNPTથી માલગાડી સેવાઓને લીલીઝંડી બતાવી તેનું પ્રસ્થાન કરાવ્યું. આ ઉપરાંત શ્રી મોદીએ ટાન્ડા રોડ અને વડોદરા વચ્ચે નવી પ્રવાસી રેલસેવાને પણ લીલીઝંડી

બતાવી. આ સેવા અલિરાજપૂરના દૂરના આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલવે નેટવર્ક સાથે જોડશે. પ્રધાનમંત્રીએ નવ હજાર 700 કરોડ રૂપિયાથી વધુની ત્રણ રેલવે વિસ્તરણ યોજનાઓ અને અંદાજે એક હજાર 780 કરોડ રૂપિયાની ત્રણ રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓનું પણ ખાતમુહૂર્ત કર્યું. તેનો ઉદ્દેશ ગુજરાત અને મધ્યપ્રદેશ

## PM GUJARAT – 2

વચ્ચે કનેક્ટિવિટી મજબૂત કરવાનો છે. ઉપરાંત શ્રી મોદીએ ગુજરાત સરકારની બે હજાર 600 કરોડ રૂપિયાની વિવિધ નાગરિક સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓની પરિયોજનાઓનો પણ શુભારંભ કરાવ્યો. તેમાં કડાણા બંધ પર 110 મેગાવૉટના ફ્લૉટિંગ સૌર પ્લાન્ટ અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના મકાન સામેલ છે.

# PM MODI NAVSARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નાગરિકો અને જનપ્રતિનિધિઓને સમાજસેવા તથા સ્વચ્છતાને દૈનિક ટેવ બનાવવા આહ્વાન કર્યું. તેમણે કહ્યું, વિકાસ યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું જોઈએ. ગુજરાતના નવસારીમાં નવા ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યા બાદ જાહેરસભાને સંબોધતા શ્રી મોદીએ આ વાત કહી.

### (BYTE: NARENDRA MODI, PRIME MINISTER) SWACHCHHATA

(સ્વચ્છતાને આપણે આપણા સહજ સંસ્કાર બનાવવા છે. આપે આટલું બધું નવસારી સ્વચ્છ કરી દીધું, ગામોગામ આટલી બધી સ્વચ્છતા કરી દીધી. તમે મને કો, આ વખતનો ગણેશોત્સવ ચકાચક થશે કે નહીં થાય? ગણપતિ બાપા આપણી ઉપર આશીર્વાદ ઉતારશે કે નહીં ઉતારે ભલા? ગણપતિ બાપાને આનંદ થશે કે આજે આવી સાત-આઠ દિવસ સુધી એવી સ્વચ્છતા કરી છે, અહીંયા તો હવે પધરામણી કરવી જ પડે. અને તમારા ગામમાં પધરામણી કરે, તમારા મહોલ્લામાં પધરામણી કરે, તમારા ઘરમાં પધરામણી કરે, આ વખતે તો ગણપતિ બાપા તમારા હૈયામ પધરામણી કરવાના છે).

પ્રધાનમંત્રીએ પીએમ સ્વિનિધિ યોજનાની અસરનો ઉલ્લેખ કરતા કહ્યું, આ યોજનાએ નાના દુકાનદારો અને શેરી વિક્રેતાઓને સરળ અને રાહત દરે ધિરાણ તથા આધુનિક ડિજિટલ ચૂકવણી સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન અપાયું છે.

# PM GFF MUMBAI EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સમગ્ર વિશ્વ હાલ સંઘર્ષ અને અનિશ્ચિતતાઓમાંથી પસાર થઈ રહ્યું છે. તેવામાં એપ્રિલથી જૂનના ત્રિમાસિક સમયગાળો સૌથી પડકારજનક રહ્યો છે. આવા સમયે ભારતના 7.8 ટકા જીડીપી વૃદ્ધિ દરથી વિશ્વને નવો વિશ્વાસ મળે છે. મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2026નો પ્રારંભ કરાવતા શ્રી મોદીએ કહ્યું, 21મી સદીનો બીજો ત્રિમાસિક સમયગાળો નવી સંભાવના લઈને આવ્યો છે.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)**

(21वीं सदी का दूसरा क्वार्टर हमारे लिए और भी नई संभावनाओं लेकर आया है। एजेंटिक AI, टोकेनाइजेशन, क्वांटम ऐसी टेक्नोलॉजीज फाइनेंशियल सेक्टर में नई संभावनाओं के द्वार खोल रही हैं। अब हमारे सामने चुनौती है, इन संभावनाओं को वास्तविक इंपैक्ट में कैसे बदलें।)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PREZ NATIONAL FILM AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આગામી 22 સપ્ટેમ્બરે ગુજરાતના એકતાનગરમાં 72-મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું, આ વર્ષના પુરસ્કાર વિવિધ ભાષાઓ, શૈલીઓ અને સિનેમેટિક સ્વરૂપમાં વિવિધતાનું પ્રતીક છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું, આર્ટિકલ 370ને સર્વશ્રેષ્ઠ ફિચર ફિલ્મના પુરસ્કારથી સન્માનિત કરાશે. જ્યારે ભંગારને સર્વશ્રેષ્ઠ નૉન-ફિચર ફિલ્મ અને રામ-નામીને જૂરી દ્વારા સર્વશ્રેષ્ઠ દસ્તાવેજી ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી છે. વર્ષ 1954માં શરૂ કરાયેલા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સિનેમા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા માટે દેશનું સૌથી પ્રતિષ્ઠિત સન્માન છે.

## (VOICECAST: SHIRALI CHAVDA)

*(... ફિલ્મ બ્રહ્મયુગમ્ માટે અભિનેતા મામૂટી અને ચંદુ ચેમ્પિયન માટે કાર્તિક આર્યનને સર્વશ્રેષ્ઠ મુખ્ય અભિનેતાના પુરસ્કાર માટે પસંદ કરાયા. જ્યારે યામી ગૌતમને આર્ટિકલ 370 માટે સર્વશ્રેષ્ઠ મુખ્ય અભિનેત્રી અને અભિનેતા રણદીપ હુડ્ડાને સ્વતંત્ર વીર સાવરકર માટે સર્વશ્રેષ્ઠ નવોદિત દિગ્દર્શકનો પુરસ્કાર મળશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું, આ પુરસ્કાર મરાઠી, સંથાલી, તમિળ, મલયાલમ, તેલુગુ, કન્નડ, તુલુ અને ગઢવાલી સહિત અન્ય ભાષાઓ અને શૈલીઓમાં ઉત્કૃષ્ટ ફિલ્મોને પણ માન્યતા આપે છે. મંત્રાલયે જણાવ્યું, પહેલી વાર કોઈ સંથાલી ફિલ્મને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના નૉન-ફિચર ફિલ્મ વર્ગમાં સન્માનિત કરાશે. મંત્રાલયે રાષ્ટ્રીય પાટનગરથી બહાર દેશની વિવિધ જગ્યાએ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર યોજવાનો નિર્ણય કર્યો છે.*

*(શિરાલી ચાવડા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# REV MEA BRIEFING

વિદેશ મંત્રાલયે જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 12 અને 13 તારીખે નવી દિલ્હીમાં યોજાનારા બ્રિક્સ શિખર સંમેલનમાં અનેક દેશના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, આ બેઠકમાં રશિયા-યુક્રેન સંઘર્ષ સહિત ઘણા મુદ્દાઓ પર ચર્ચા થશે. તેમણે કહ્યું, ભારત યુક્રેન અને રશિયા બંનેના સંપર્કમાં છે અને ભારત સંઘર્ષને સમાપ્ત કરવામાં મદદ થાય તેવા વિચાર અને સૂચનો પર કામ કરી રહ્યું છે.

**(BYTE: RANDHIR JAISWAL)**

**(अगस्त 2025 और अगस्त 2026 में भारत और चीन के विशेष प्रतिनिधियों के बीच बनी सहमति और उसके बाद मई और अगस्त 2026 में जो मीटिंग हुई थी बीजिंग में और दिल्ली में WMCC की बैठकों में, उस चर्चाओं पे आधारित वरिष्ठ सैन्य कमांडर स्तर की पहली फ्लैग मीटिंग 6 सितंबर 2026 को अरुणाचल प्रदेश के वाचा में और 7 सितंबर 2026 चीन की तरफ दमाई में आयोजित की गई।)**

ભારત-ચીન સંબંધ અંગે શ્રી જયસ્વાલે કહ્યું, બંને દેશના સંબંધ ધીમે-ધીમે સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યા છે. તેમણે કહ્યું, સંબંધનું સામાન્ય થવું અને બંને દેશના લોકો વચ્ચે સંપર્ક વધવો ઘણો મહત્વનો છે.

# PARA ARCHERY

ગુજરાતના અમદાવાદમાં આયોજિત 2026 વિશ્વ પેરા તીરંદાજી શ્રૃંખલાના ત્રીજા તબક્કામાં ભારતે તીરંદાજીમાં બે સુવર્ણ ચંદ્રક જીત્યા. હરવિન્દર સિંહ અને વિજય સુંડીએ પેરા રિકર્વ પુરુષ જોડીની ફાઈનલમાં સ્લોવાકિયાને છ–બેથી હરાવી સતત ત્રીજી વખત વિશ્વ પેરા તીરંદાજી શ્રૃંખલાનો ખિતાબ પોતાના નામે કર્યો.

પેરા મહિલા રિકર્વ જોડીમાં પૂજા જત્યાન અને ભાવના ચૌધરીનો ફાઈનલમાં ચીન સામે છ-શૂન્યથી પરાજય થતાં તેમને રજત ચંદ્રક મળ્યો. જ્યારે તોમર કુમાર અને શ્યામ સુંદર સ્વામીએ ઇરાકના અલદાવોદ અનવર અને કાદિમ અબ્બાસને 152-139થી હરાવી પુરુષ જોડીનો ખિતાબ પોતાના નામે કર્યો.

# EVE RAJNATH SRI LANKA VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ત્રણ દિવસના શ્રીલંકાના પ્રવાસે આજે કોલમ્બો પહોંચ્યા. આ પ્રવાસનો ઉદ્દેશ બંને દેશ વચ્ચે સંરક્ષણ અને દરિયાઈ સહકારને વધુ મજબૂત કરવાનો છે. કોલમ્બોના ભંડારનાયકે આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર શ્રી સિંહનું શ્રીલંકાના નાયબ સંરક્ષણ મંત્રી અરુણ જયસેકરા અને શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝા દ્વારા સ્વાગત કરાયું.

સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, શ્રી સિંહ આ પ્રવાસ દરમિયાન શ્રીલંકાના નેતૃત્વ હેઠળ સંરક્ષણ અને દરિયાઈ ભાગીદારીને મજબૂત કરવા સહિતના વિવિધ મુદ્દાઓ પર સંવાદ કરશે.